BUSINESS મિત્ર

જુલાઈમાં વિશ્વની સેન્ટ્રલ બેંકોએ 23 ટન સોનાની ખરીદી કરી

ચીનની સતત 21મા મહિને ખરીદી, રશિયા સૌથી મોટો વેચવાલ રહ્યો

2026માં અત્યાર સુધી 130 ટન સોનું ખરીદાયું

મુંબઈ, તા. 4: વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ સોનાના અનામત ભંડારને મજબૂત કરવાની નીતિ ચાલુ રાખી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) ના તાજેતરના અહેવાલ મુજબ, જુલાઈ 2026 દરમિયાન વિશ્વની મધ્યસ્થ બેંકોએ 23 ટન સોનાની ચોખ્ખી ખરીદી કરી છે. ચાલુ વર્ષ 2026 માં અત્યાર સુધીમાં વૈશ્વિક સ્તરે કુલ 130 ટન સોનાની ખરીદી થઈ ચૂકી છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં 160 ટન હતી.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના સિનિયર રિસર્ચ લીડ મારીસા સલીમના જણાવ્યા અનુસાર, ઉભરતા બજારોની કેન્દ્રીય બેંકોએ આ મહિને પણ સોનાની ખરીદી ચાલુ રાખી છે, જેમાં ચીન અને પોલેન્ડ સૌથી આગળ રહ્યા છે.

RBIની વ્યૂહરચના: નવી ખરીદી બંધ, વિદેશથી સોનું દેશમાં પરત આણ્યું

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ જુલાઈ 2026 દરમિયાન કોઈ નવું સોનું ખરીદ્યું નથી. 31 જુલાઈ 2026 સુધીમાં ભારતનો કુલ સોનાનો ભંડાર 880.52 મેટ્રિક ટન પર સ્થિર રહ્યો છે.

નવી ખરીદી મર્યાદિત રાખી હોવા છતાં, આરબીઆઈએ સુરક્ષાના ભાગરૂપે લંડનની 'બેંક ઓફ ઈંગ્લેન્ડ' જેવા વિદેશી વાઉલ્ટ્સમાં પડેલું પોતાનું આશરે 77 ટકા સોનું સફળતાપૂર્વક ભારતની તિજોરીઓમાં સ્થળાંતરિત કરી લીધું છે.

ખરીદીમાં ચીન અને પોલેન્ડ મોખરે

ચીન : જુલાઈમાં ચીને સૌથી વધુ 20 ટન સોનું ખરીદ્યું હતું. આ સાથે જ ચીનની મધ્યસ્થ બેંકોએ સતત 21મા મહિને સોનું ખરીદવાની પરંપરા જાળવી રાખી છે. 2026 માં ચીને અત્યાર સુધીમાં કુલ 60 ટન સોનું ઉમેર્યું છે. ચીન પાસે હાલ 2,366 ટન સોનું છે (કુલ અનામતના 8%) અને તે વિશ્વમાં 6ઠ્ઠો સૌથી મોટો ગોલ્ડ રિઝર્વ ધરાવતો દેશ છે.

પોલેન્ડ: પોલેન્ડે જુલાઈમાં 8 ટન સોનું ખરીદ્યું છે. વર્ષ 2026માં 90 ટન સોનાની ખરીદી સાથે પોલેન્ડ વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું છે. દેશ પાસે હાલ 640 ટન સોનું છે અને તેનો લક્ષ્યાંક 700 ટન સુધી પહોંચાડવાનો છે.

અન્ય દેશોની ખરીદી અને વેચાણના આંકડા

ખરીદી કરનાર મુખ્ય દેશો

ચેક નેશનલ બેંક: જુલાઈમાં 2 ટન (સતત 41મા મહિને ખરીદી).

કઝાકિસ્તાન, મલેશિયા અને બોલિવિયા: દરેકે 1-1 ટન સોનું ખરીદ્યું. (કઝાકિસ્તાનના કુલ અનામતમાં સોનાનો હિસ્સો 75% છે).

ઉઝબેકિસ્તાન: 2026માં અત્યાર સુધી 40 ટન સોનું ખરીદ્યું છે (કુલ અનામત 431 ટન - 87% હિસ્સો).

વેચાણ કરનાર મુખ્ય દેશો:

રશિયા: જુલાઈમાં 6 ટન સોનું વેચીને સૌથી મોટો ચોખ્ખો વેચવાલ બન્યો. 2026 માં રશિયાએ કુલ 50 ટન સોનું વેચ્યું છે, જેથી તેનો ભંડાર ઘટીને 2,277 ટન થયો છે.

તુર્કી: 2026માં અત્યાર સુધીમાં કુલ 85 ટન સોનું વેચ્યું છે.

બેંક ઓફ કોરિયાનો 13 વર્ષ પછી મોટો નિર્ણય

દક્ષિણ કોરિયાની મધ્યસ્થ બેંકે 13 વર્ષના લાંબા ગાળા પછી સોનામાં નવી ફાળવણીની જાહેરાત કરી છે. બેંકે ગોલ્ડ-સપોર્ટેડ ETF મારફતે આશરે 250 મિલિયન યુએસ ડોલર (લગભગ 2 ટન સોનું) રોકાણ કર્યું છે.

આ ઉપરાંત, સ્થાનિક સ્તરે શુદ્ધ સોનું ખરીદવાની યોજના ઘડી છે જેથી ભૂ-રાજકીય જોખમો અને ફુગાવા સામે અર્થતંત્રને સુરક્ષિત કરી શકાય.

કોઇ વ્યકિતએ છેતરપિંડી, ખોટી રજૂઆત કે હકીકતો છૂપાવીને કરચોરી કરી હોય- તે બાબતો નોટિસમાં સ્પષ્ટ રીતે જણાવેલ હોય તો જ કલમ 74 હેઠળ કાર્યવાહી કરી શકાય

- નામદાર સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

કલમ 74 હેઠળ માંગણું ઊભું કરવા કલમ 73 કરતા લાંબી સમય મર્યાદા મળતી હોય, કે વધુ દંડ લાદી શકાતો હોય, અધિકારીઓ દ્વારા ઘણા કેસોમાં માગણું ઉભું કરવા કલમ 74નો આધાર લેવામાં આવતો હોય છે ત્યારે... નામદાર સુપ્રિમ કોર્ટે ખૂબ તાજેતરના ચૂકાદાથી ઠરાવ્યું છે કે જો નોટિસમાં કલમ 74 લાગુ પાડવી જરૂરી ઘટકો જરૂરિયાતો નોંધવામાં ન આવેલ હોય તો કલમ 74 હેઠળની કાર્યવાહી ગેરકાયદેસર છે. ખેર! નામદાર સુપ્રિમ કોર્ટના જી.આર. ઇન્ટ્રા પ્રોજેકટસ લિ. વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ સિવીલ અપીલ નં. 12777/2026ના તા. 19.8.26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત...

ના. સુપ્રિમ કોર્ટ સમક્ષના કેસમાં વર્ષ 2017-18થી 2020-21 માટે વેપારીને સમન્સ બજાવવામાં આવ્યો. શરૂઆતમાં વેપારી દ્વારા સમય માંગવામાં આવ્યો અને પછીથી જરૂરી દસ્તાવેજો અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા નહીં.

વેપારીના ધંધાના સ્થાનપર તપાસ કરીને એકાઉન્ટન્ટ, અધિકૃત સહીકર્તા, તેમજ ડિરેકટરના સ્ટેટમેન્ટ નોંધવામાં આવ્યા તો... તા. 1.9.22 થી 7.2.25 દરમ્યાન વેપારીને સાંભળવા માટે 20 જેટલી મુદતો આપવામાં આવી. પરંતુ વેપારી હાજર રહેલ નહીં. આ સંજોગોમાં કલમ 74 હેઠળ ફોર્મ DRC-01માં તા. 13.6.25ના રોજ કારણદર્શક નોટિસ બજાવવામાં આવી, જે નોટિસની કાયદેસરતા ના. મધ્યપ્રદેશ હાઇકોર્ટે માન્ય રાખતા ના. સુપ્રિમ કોર્ટ સમક્ષ અપીલ કરવામાં આવી.

દલીલ...

અરજદારના વિદ્વાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે કલમ 74 હેઠળ કાર્યવાહી ત્યારે જ કરી શકાય જો નોટિસમાં, છેતરપિંડી, કે જાણીબૂઝીને ખોટી રજૂઆત કરવાના કે હકીકતો છૂપાવવાનો આધાર જણાવવામાં આવેલ હોય તો વેપારીને આપવામાં આવેલ નોટીસમાં આરોપોના ઉલ્લેખ વગર કશું જ વર્ણવવામાં આવેલ ન હતું તો... કલમ 74 હેઠળ બજાવવામાં આવેલ નોટિસ, કલમ 73 હેઠળની સમયમર્યાદા પૂરી થયા બાદ, બજાવવામાં આવેલ હતી. આથી સમગ્ર કાર્યવાહી ગેરકાયદેસર છે.

ચૂકાદો...

નામદાર સુપ્રિમ કોર્ટે સરકાર તરફથી તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલ એફીડેવીટને તપાસવાનો ઇન્કાર કર્યો કારણ કે બજાવવામાં આવેલ નોટિસ કે ઓર્ડર યોગ્ય હોવાનું સોગંદનામાને આધારે નક્કી કરી શકાય નહીં. પરંતુ... નોટિસ કે ઓર્ડરમાં તેની યોગ્યતા સાબિત કરતી વિગતો હોવી જોઇએ. પરંતુ નોટિસ જોતાં તેમાં છેતરપિંડી, હકીકતો છૂપાવ્યાના માત્ર ઔપચારીક નિવેદન સિવાય છેતરપિંડી કેવી રીતે જણાય કે હકીકતો છૂપાવ્યાનું કઇ રીતે મળ્યું તે બાબતે કશું જ નોંધવામાં આવ્યું નથી. ના. સુપ્રિમ કોર્ટના મતે કલમ 74 હેઠળ સર્વે કરવા જેને આધારે છેતરપિંડી કરી હોય કે હકીકતો છૂપાવ્યાનું જણાયુંહોય તે નોટિસમાં સ્પષ્ટ રીતે વ્યકત કરેલું હોવું જોઇએ. નોટિસ યંત્રવત રીતે વેપારીએ છેતરપિંડી કરી કે હકીકતો છુપાવી છે તેટલું જ નોંધવું પૂરતું નથી. પરંતુ જેને આધારે તેમ માનવાને અધિકારીને કારણ હોય તે નોટિસમાં નોંધાયેલું હોવું જોઇએ.

તો કલમ 73 હેઠળ કાર્યવાહી કરવાની સમયમર્યાદા પૂરી થયેલ એમ જણાવી નામદાર સુપ્રિમ કોર્ટે અપીલ મંજૂર કરી અને કલમ 74 હેઠળ બજાવવામાં આવેલ નોટિસમાં આદેશ ગેરકાયદેસર ઠેરવી રદ કરીને વેપારી વિરૂધ્ધ નોટિસને આધારે કોઇ જ કાર્યવાહી ન કરવા ફરમાવ્યું.

ચીની કંપનીઓનો નફો 5 વર્ષની ટોચે છતાં શેરબજારમાં કડાકો

Q2માં નફો 25.7% વધ્યો, છતાં ઇન્ડેક્સ 9% તૂટ્યો

મુંબઈ, તા. 5: જુન કવાર્ટર ચીની કંપનીઓ માટે સારી વૃદ્ધિ ધરાવતો રહ્યો. આ કવાર્ટરમાં શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓનો નફો વાર્ષિક ધોરણે 25.7 ટકા રહ્યો હતો. જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ છે. જોકે, શેરબજાર પર તેની અસર જોવા મળી નથી. સીએસઆઈ 300 ઈન્ડેક્સ આ કવાર્ટરમાં લગભગ 9 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે મોટાભાગની ટેકનોલોજી કંપનીઓનો સમાવેશ કરતા ઈન્ડેક્સ લગભગ 29 ટકા ઘટ્યો છે.

આનું એક કારણ એ છે કે કંપનીઓના સારા નફાની વૃદ્ધિએ શેરના ભાવને અસર કરી છે. જુન કવાર્ટરમાં સ્ટાર 50 ઈન્ડેક્સ 76 ટકા વધ્યો હતો, જ્યારે સીએસઆઈ 300 12 ટકા વધ્યો હતો. આટલા તીવ્ર ઉછાળા બાદ શેરોમાં વધુ વધારો થવાની શક્યતા મર્યાદિત હતી. આનું બીજું કારણ ચીનની નબળી અર્થવ્યવસ્થા છે.

ચીનમાં સ્થાનિક માગ નબળી છે. પ્રોપર્ટી માર્કેટ સુસ્ત છે. બીજી તરફ, અર્થતંત્રને વેગ આપવા માટે સરકાર પગલા ભરે તેવી આશા છે. તે પણ ધ્યાનમાં રાખવું યોગ્ય છે કે ચીનમાં માત્ર મુઠ્ઠીભર કંપનીઓએ જ કમાણીમાં મોટી વૃદ્ધિ કરી છે. મોટી અને નાની તમામ પ્રકારની કંપનીઓની કમાણી વૃદ્ધિ વધારે નહોતી.

ચીપ ઉત્પાદક કંપની સીએક્સએમટી કોર્પનો નફો સારો હોવા છતાં તેની અસર તેના હિસ્સા પર જોવા મળી નથી. એઆઈ કંપનીઓના શેર રેકોર્ડ ઉંચાઈએ છે. રોકાણકારનોના પૈસા નવા લિસ્ટેડ શેરમાં જઈ રહ્યા છે. આ સિવાય રોકાણકારો એક મજબૂત સંકેત ઈચ્છે છે કે ટેકનોલોજી પર ભારે ખર્ચના ફાયદા વધુ વળતરના રૂપમાં જોવા મળશે.

ક્રૂડનો ભડકો અને વૈશ્વિક તણાવ: શેરબજાર સતત ચોથા સપ્તાહે લાલ નિશાનમાં

સેન્સેક્સ 749 પોઈન્ટ ઘટ્યો, રોકાણકારોના 4.5 લાખ કરોડ ધોવાયા; DIIની જંગી ખરીદીથી બજારને સપોર્ટ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ ચાલુ રહેતા અને ક્રુડ ઓઈલના ભાવ ઉછળીને 85 ડોલરની પાર નીકળી જતા ભારતીય શેરબજાર સતત ચોથા સપ્તાહે લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન ભારે અસ્થિરતા જોવા મળી હતી. ખાસ કરીને પશ્ચિમ એશિયાના ફરી વધતા તણાવ, ક્રુડ ઓઈલના ભાવમાં વધારો, બોન્ડ યીલ્ડમાં વધારો અને એફઆઈઆઈના સતત વેચાણથી બજાર પર દબાણ જોવા મળ્યું છે. જોકે, રૂપિયાની મજબૂતાઈ, ડીઆઈઆઈની ખરીદી, જીએસટીનું સારૂ કલેકશન, ઓટો સેલ્સમાં સતત વૃદ્ધિ અને જીડીપી વૃદ્ધિદરનો બજારને ટેકો મળ્યો હતો.

વિતેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ 749.08 પોઈન્ટ એટલે કે 096 ટકા ઘટીને 76515.43 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 277.95 પોઈન્ટ એટલે કે 1.14 ટકા ઘટીને 23897.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. વિતેલા સપ્તાહમાં બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1.5 ટકા ઘટ્યો હતો. જેમાં કેઈઆઈ ઈન્ડ., પોલીકેબ, હેવેલ્સ ઈન્ડિયા, કેપીઆઈટી ટેકનોલોજી, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલ, હીરો મોટોકોર્પ, નેલ્કો, 360 વન ડબલ્યુએએમ, લોરસ લેબ્સ, હિટાચી એનર્જી અને ટયુબ ઈન્વેસ્ટમેન્ટ જેવી કંપનીઓએ આ ઘટાડામાં ફાળો આપ્યો હતો. બીજી તરફ, લેન્સકાર્ટ સોલ્યુશન્સ, એલઆઈસી હાઉસીંગ ફાઈ., આઈડીએફસી ફર્સ્ટ બેન્ક અને ટાટા કોમ્યુનિકેશનમાં સુધારો જોવાયો હતો.

નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ સપ્તાહ દરમ્યાન 20187.80 પોઈન્ટની નવી ઉંચી સપાટીએ પહોંચ્યા બાદ સપ્તાહના અંતે સપાટ બંધ રહ્યો હતો. જેમાં આઈએફસીઆઈ, વેલસ્પન કોર્પ, કેપ્રી ગ્લોબલ કેપિટલ, આરબીએલ બેન્ક, બ્રિગેડ એન્ટર, અર્બન કંપની અને ઈન્દ્રપ્રસ્થ ગેસમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી હતી. જ્યારે આરતી ઈન્ડ., કાન્સ ટેકનો, અમરરાજા એનર્જી, સ્વાન કોર્પ અ દિપક ફર્ટીમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 4 ટકા અને નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ 2.6 ટકા ઘટયા હતા. જ્યારે નિફ્ટી મીડિયા, નિફ્ટી હેલ્થકેર અને નિફ્ટી એફએમસીજી 2-2 ટકા ઘટયા હતા. જ્યારે નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ એક ટકા સુધર્યો હતો.

વિતેલા સપ્તાહમાં પણ એફઆઈઆઈની વેચવાલી ચાલુ રહી હતી. જોકે, ગતિ ધીમી રહી હતી. તેમણે સપ્તાહ દરમ્યાન રૂ. 5611.94 કરોડના શેરોનું વેચાણ કર્યુ હતુ, તેની સામે ડીઆઈઆઈએ રૂ. 23156.38 કરોડની ખરીદી કરીને મજબૂત ટેકો આપવાનું ચાલુ રાખ્યું હતું.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપમાં રૂ. 4.5 લાખ કરોડનો ઘટાડો થયો છે. જેનું મુખ્ય કારણ મોટી કંપનીઓના શેરોમાં ઘટાડો છે.

ટ્રમ્પનું ફેડને અલ્ટીમેટમ: વ્યાજદર નહીં ઘટે તો વૈશ્વિક વેપાર બંધ કરી દઈશું

ટ્રુથ પર ટ્રમ્પની પોસ્ટ બાદ વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ

નવી દિલ્હી, તા. 5: અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના આક્રમક વલણથી વૈશ્વિક અર્થતંત્ર અને નાણાકીય બજારોમાં મોટો ભડકો કર્યો છે. ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વને વ્યાજદરો તાત્કાલિક ઘટાડવાની વિનંતી કરતા કડક અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે સ્પષ્ટ ધમકી આપી છે કે જો ફેડ વ્યાજરોમાં ઘટાડો નહીં કરે, તો યુએસ સાથે વેપાર સરપ્લસ ધરાવતા અને અમેરિકા સામે વેપાર ખાધ ઉભી કરતા દેશો સાથે અમિરકા તમામ વેપાર બંધ કરી દેશે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર ઓગસ્ટ મહિનાના પે રોલ ડેટા જાહેર થયા બાદ આ નિવેદન આપ્યું હતું. ઓગસ્ટમાં યુએસ અર્થતંત્રમાં 1.62 લાખ નવી નોકરીઓ ઉમેરાઈ છે. આ આંકડાઓને ટાંકીને ટ્રમ્પે લખ્યું, અમેરિકાની ક્રેડિટ પ્રોફાઈલ થોડા સમય પહેલા કરતા હવે ઘણી મજબૂત છે, તેથી વ્યાજ દરો તરત જ ઘટાડવા જોઈએ. જો દર નહીં ઘટે તો હું એવા દેશો સાથે વેપાર બંધ કરી દઈશ જેમની સામે આપણી મોટી વેપારી ખાધ છે.

ટ્રમ્પે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વોર્શ અને બોર્ડના સભ્યોને સીધો સંદેશ આપતા કહ્યું કે તેમણે હોશિયાર અને દેશભક્ત બનવાની જરૂર છે. તેમણે દલીલ કરી હતી કે મજબૂત અમેરિકન અર્થતંત્રને કારણે ધિરાણ ખર્ચ ઓછો હોવો જોઈએ. ટ્રમ્પના મતે, યુએસના વિશ્વના અન્ય કોઈપણ દેશ કરતા સૌથી નીચા વ્યાજદર હોવા જોઈએ.

પોતાના આ નિર્ણય અને ધમકીને વાજબી ઠેરવતા ટ્રમ્પે દાવો કર્યો કે તેમની પાસે આ પ્રકારના આકરા પગલાં લેવાનો પુર્ણ કાનુની અધિકાર છે.

તેમણે ટેરિફ અંગે યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતા સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યુ છે કે, રાષ્ટ્રપતિ પાસે આવા નિર્ણય લેવાનો અધિકાર છે અને આ પગલું સામાન્ય ટેરિફ કરતા પણ વધુ અસરકારક સાબિત થશે.

ફોક્સવેગન ગ્લોબલી 50,000 નોકરીઓ કાપશે

89 વર્ષના ઇતિહાસનું સૌથી મોટું રીસ્ટ્રક્ચરિંગ: VW ભારતીય એકમમાંથી પણ 12% સ્ટાફ ઘટાડવાની તૈયારીમાં

જેએલઆર યુકેમાં 4000 કર્મચારીઓને નોકરીઓમાંથી છૂટા કરશે

નવી દિલ્હી, તા. 5: જર્મનીની ફોક્સવેગન ટુંકસમયમાં વધુ 50 હજાર નોકરીઓ ગુમાવી શકે છે. કંપનીના સુપરવાઈઝરી બોર્ડે ટ્રાન્ઝિકશન પ્લાન ફ્યુચર પ્લાન 2030ને મંજુરી આપી છે. જેમાં 50 હજારથી વધુ નોકરીઓને દુર કરવી, 2035 સુધીમાં તેના વાહન મોડલ લાઈનઅપને અડધું કરવું અને 2027-31 દરમ્યાન મુડી ખર્ચમાં 16 ટકાનો ઘટાડો કરવો. કંપનીએ આ પાછળ વૈશ્વિક સ્પર્ધા, બદલાતી માગ અને તકનીકીમાં ફેરફારોને ટાંક્યા છે. આ જ કારણોસર ટાટા મોટર્સની માલિકીની જુગઆર લેન્ડ રોવર-જેએલઆર યુકેમાં 4000 નોકરીઓ કાપવાની યોજના બનાવી રહી છે. 1.7 અબજ પાઉન્ડ, યુએસ ટેરિફ, ઘટતા વેચાણ અને વૈશ્વિક ઓટો કટોકટી બચાવવા માટે આ નિર્ણય લીધો છે.

ફોક્સવેગન યુરોપની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની છે. તે એજી, પોર્શ અ ઓડી પણ ધરાવે છે. બ્લુમબર્ગના જણાવ્યા અનુસાર ફોક્સવેગનના 89 વર્ષના ઇતિહાસમાં આ સૌથી મોટી પુનર્ગઠન યોજના છે. તેમાં જર્મનીમાં ચાર પ્લાન્ટસ માટે અન્ય વિકલ્પો પર વિચાર કરવાનો પણ સમાવેશ થાય છે, જેના મોડેલો આગામી દાયકામાં સમાપ્ત થઈ જશે. કંપનીના સીઈઓ ઓલિવર બ્લુમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ફોક્સવેગન ગ્રુપના ભવિષ્ય માટે એક મજબૂત સંકેત છે. અમે વિશ્વભરમાં અમારા તમામ કર્મચારીઓ, અમારા ભાગીદારો અને ઔદ્યોગિકો નોકરીઓની જવાબદારી લઈ રહ્યા છીએ.

એએફપીના રપોર્ટ અનુસાર, ફોક્સવેગનનું મેનેજમેન્ટ અને યુનિયનો આ દાયકાના અંત સુધીમાં કુલ એક લાખ નોકરીઓ ઘટાડવા માટે સંમત થયા છે. 50 હજાર નોકરીઓ ઘટાડવાની સમજૂતી થઈ ચુકી છે અને પ્રક્રિયા ચાલી રહી છે. હવે વિશ્વભરમાં લગભગ 50 હજાર નોકરી ઘટાડવાની યોજનાને મંજુરી આપવામાં આવી છે.

કંપની હાલમાં ચારેબાજુથી દબાણ હેઠળ છે. એક તરફ યુએસ ટેરિફ અને બીજી તરફ નબળા ચીની બજાર વચ્ચે અટવાઈ ગઈ છે. ફોક્સવેગન કહે છે કે, વૈશ્વિક કર્મચારીઓની ક્ષમતામાં વધુ મુળભૂત પરિવર્તનની જરૂર છે.

સોના-ચાંદીના ભાવમાં મોટો કડાકો

યુએસ જોબ્સ ડેટાથી બુલિયન માર્કેટમાં કંપારી

MCX પર સોનું 4,500 અને ચાંદી 7,777 તૂટી

મુંબઇ, તા. 5: યુએસ જોબ્સ રિપોર્ટના ડેટાએ ફેડરલ રિઝર્વની બેઠક પહેલા બજારને હચમચાવી નાખ્યું હતું. ડેટા આવતાની સાથે જ સોના-ચાંદીના ભાવમાં ભારે કડાકો બોલાયો છે. વૈશ્વિક બજારમાં સોનુ 1.70 ટકા અને ચાંદી 2.19 ટકા તુટી ગઇ છે. જેની અસર ભારત ઉપર પણ જોવા મળી હતી.

એમસીએક્સમાં સોનું એક ઝાટકે રૂ. 4500 તૂટીને રૂ. 151262ના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. જ્યારે ચાંદી રૂ. 7777 ઘટીને રૂ. 234572ની નીચી સપાટીએ પહોંચી ગઇ હતી. યુએસ અર્થતંત્રમાં ઓગસ્ટ મહિનામાં 1.62 લાખ નવી નોકરીઓ ઉમેરાઇ હતી. જે અપેક્ષા કરતા સારૂં પ્રદર્શન છે. જ્યારે બેરોજગારી દર 4.1 ટકા પર સ્થિર છે. અમેરિકના જોબ્સ ડેટા માત્ર અમેરિકામાં જ નહીં, પણ ભારત સહિત સમગ્ર વિશ્વમાં નાણાકીય બજારોની દિશા નક્કી કરશે. આગામી 15-16 સપ્ટેમ્બરના રોજ ફેડરલ રિઝર્વની બેઠક પહેલા આવેલા આ મજબૂત ડેટાએ વ્યાજદરમાં મોટા ઘટાડાની અપેક્ષાઓની ઉપર સવાલ ઉભો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, યુએસ જોબ્સ ડેટામાં સૌથી વધુ નોકરીઓ હોસ્પિટાલિટી સેક્ટરમાં જોવા મળી હતી. જેમાં રેસ્ટોરેન્ટ અને બારમાં 59 હજાર નવી નોકરીઓ ઉમેરાઇ છે. આ સિવાય સ્થાનિક સરકારી શિક્ષણમાં 42000 જગ્યાઓ, મેન્યુફેક્ચરીંગમાં 16000 અને કન્સ્ટ્રક્શન તથા હેલ્થકેરમાં 35000 નોકરીઓ ઉમેરાઇ છે. બીજી તરફ, આઇટી સેકટરમાં દબાણ જોવાયું હતું. જેમાં 23 હજાર નોકરીઓ ગુમાવી છે.

ICICI બેન્કમાં LIC વધારશે પોતાનો હિસ્સો

નવી દિલ્હી, તા. 5: એલઆઈસીને ખાનગી ક્ષેત્રની બેન્ક આઈસીઆઈસીઆઈ બેન્કમાં પોતાનો હિસ્સો વધારવાની મંજુરી મળી છે. રિઝર્વ બેન્કે એલાઈસીને બેન્કના પેઈડ અપ શેર કેપિટલમાં કુલ 9.99 ટકા હિસ્સો ખરીદવાની મંજુરી આપી છે. આરબીઆઈની આ મંજુરી એક વર્ષ માટે માન્ય રહેશે. આઈસીઆઈસીઆઈ બેન્કે સ્ટોક એકસચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું કે, 4 સપ્ટેમ્બરના રોજ રાતના આરબીઆના મંજુરી પત્રની નકલ મળી હતી. જોકે, એલઆઈસીએ આ હિસ્સો ખરીદવા માટે લાગુ તમામ કાયદેસર અને નિયમનકારી નિયમો તેમજ આરબીઆઈ દ્વારા નિર્ધારિત શરતોનું પાલન કરવું પડશે.

એક્સિસ બેંક 'Zero-Ops' મોડલથી 3,000 નોકરીઓ ઘટાડશે

3,000 નોકરીઓમાં કાપ મૂકવાની યોજના

મુંબઈ, તા. 4: ખાનગી ક્ષેત્રની અગ્રણી એક્સિસ બેંક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ઓટોમેશનનો ઉપયોગ કરીને બેંકિંગ કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવા પોતાની 'ઝીરો-ઓપ્સ' (Zero-Ops) વ્યૂહરચનાનો વિસ્તાર કરી રહી છે. ડિજિટલ-ફર્સ્ટ અભિગમ ધરાવતી આ નીતિ હેઠળ બેંક સેવાઓમાં માનવ હસ્તક્ષેપ ઘટાડવાનો લક્ષ્યાંક છે. ઓટોમેશનના કારણે કાર્યક્ષમતા વધવાની સાથે નાણાકીય વર્ષ 2026ના અંત સુધીમાં બેંકના કર્મચારીઓની સંખ્યામાં આશરે 3,000નો કાપ મુકાવાની શક્યતા છે.

બેંક પોતાના ડિજિટલ રોડમેપ પર સંપૂર્ણ નિયંત્રણ રાખવા અને બહારના વેન્ડર્સ પર નિર્ભરતા ઘટાડવા માટે પોતાની સબસિડિયરી ફીચાર્જનો સેન્ટ્રલાઈઝ્ડ ટેક હબ તરીકે ઉપયોગ કરી રહી છે.

Re-KYC ઓટોમેશન: ગ્રાહકોની પુનઃ-KYC પ્રક્રિયા ડિજિટલ અને ઝડપી બનાવવામાં આવી છે.

SME લોન પ્રોસેસિંગ: નાના અને મધ્યમ કદના સાહસો માટે ક્રેડિટ અસેસમેન્ટ અને લોન મૂલ્યાંકનનું કાર્ય AI દ્વારા થઈ રહ્યું છે.

મુખ્ય ફાયદો: આ ઓટોમેશનથી ભૂલોનું પ્રમાણ ઘટશે અને ગ્રાહક વિનંતીઓનો નિકાલ ખૂબ ઝડપથી શક્ય બનશે.

ફોરેક્સ બજાર

ડોલર	94.49 રૂ.
યુરો	109.88 રૂ.
પાઉન્ડ	127.97 રૂ.
યેન	0.6052 રૂ.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૮૦૦
એમ-30	૫૮૦૦
એસ-30	૫૭૦૦
ગુજરાત	
એમ-30	૫૫૦૦
એસ-30	૫૪૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૭૭૬૦
તેજાબી સોનું	૧૫૫૬૭૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૮૮૭૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૨૬૪૦
સોનાનાં બિસ્કીટ	૧૫૭૭૬૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૦૦૦
ચાંદી સિક્કા	૨૪૦૫૦૦

આજનું પંચાંગ

તા. 06/09/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: વદ: દસમ:19:30-આદિત્યપૂજન
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવો:15
યોગ : સિદ્ધિ **કરણ:** વણિજ
નક્ષત્ર : આદ્રા : 19:54
રાશિ: મિથુન (ક.છ.ઘ.)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:25 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:49
નવકારસી : 07:13
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 23મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુકાળ :સાંજે 16:30 થી 18:00 સુધી

મેષ (અ,લ,ઇ,): આત્મવિશ્વાસ વધશે. હાથ પરનાં કામ પાર પડે. પ્રવાસ, દલાલી, ટયુશન, માર્કેટીંગનાં કામ પાર પડે.
વૃષભ (બ,વ,ઉ,): આર્થિક બાબતે ધીરજ રાખવી. ઉધાર ટાળવું અને પરિવારમાં તાલમેળ રાખવો. ખર્ચા વધે.
મિથુન (ક,છ,ઘ,): માનસિક અશાંતિ સતાવે. વેપાર, ધંધામાં અવરોધ આવે. સામાજિક પ્રશ્નો સતાવે ધીરજ રાખવી.
કર્ક (ડ,હ,): પ્રવાસમાં છેતરાઈ જવાનું બની શકે છે. પડવા-વાગવાથી સાવધાન, ગુપ્ત ભય સતાવે.
સિંહ (મ,ટ,): મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધે. સંતાનોના પ્રશ્નો સતાવે સ્વાર્થી લોકોથી સાવધાન.
કન્યા (પ,ઠ,ણ,): મોજશોખના ધંધામાં આવક વધશે. સમાજ અને જાહેર જીવનમાં સાવધાન રહેવું. વિરોધ વધશે.
તુલા (ર,ત,): વિદેશનાં કામમાં ગતિ આવે. નવી જવાબદારી મળે. સમાજમાં પ્રભાવ વધે. ધાર્મિક પ્રવાસ થાય.
**